# મહિલાઓને કાયદા, આરોગ્ય, વેપાર માર્ગદર્શન આપવા કાર્યક્રમ




## » આંતરરાષ્ટ્રીય વિમેન્સ ડે નિમિત્તે ચેમ્બરની બિઝનેસ વિમેન વિંગ કમિટી દ્વારા 'વી ઉડાન'નું આયોજન

**નવગુજરાત સમય** > અમદાવાદ

ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની બિઝનેસ વિમેન વિંગ કમિટી દ્વારા આંતરરાષ્ટ્રીય વિમેન્સ ડે નિમિત્તે વી ઉડાન (WE UDAAN) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

બિઝનેસ વિમેન વિંગનાં ચેરપર્સન અર્ચના ગુપ્તાએ જણાવ્યું કે વી ઉડાન અંર્તગત બે દિવસ મહિલાઓ માટે વિવિધ કાર્યક્રમ યોજવામાં આવ્યા છે. મહિલાઓ માટે કેન્ડલ મેકીંગ વર્કશોપ, મહિલાઓને કાયદા અંગે જાણ થાય એ માટે લેક્ચર, ઈડીઆઈની મદદથી તેમને બચત, વેપાર અને અન્ય આર્થિક બાબતો વિશે વર્કશોપ, મહિલા પોલીસ સાથે ચર્ચા અને પ્રશ્નોત્તરી જેવા આયોજનો પણ છે. તે ઉપરાંત મહિલાઓ અને ખાસ કરીને ગ્રામ્ય મહિલાઓ પોતાના આરોગ્યની તકલીફોને અવગણતી હોય છે. તો ઝાયડસની મદદથી અમે તેમના માટે હેલ્થ ચેક અપની વ્યવસ્થા કરી છે.

વી ઉડાનના પ્રથમ દિવસે 7મી માર્ચે સવારે 10.30 વાગે મુખ્યમંત્રી વિજય રૂપાણી, અંજલિબહેન રૂપાણી, મેયર બિજલબહેન પટેલ અને નારી શક્તિ પુરસ્કાર ધરાવતાં રૂમાદેવીજી દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવશે. ત્યારબાદ જી.સી.સી.આઈ.નાં પ્રેસિડન્ટ દુર્ગેશ બુચ અને બિઝનેસ વિંગનાં ચેરપર્સન અર્ચના ગુપ્તા દ્વારા અભિવાદન કરવામાં આવશે. હેલ્થ એક્સ્પર્ટ સપના વ્યાસ, ડૉ. પ્રિયંકા ચીરીપાલ અને મંજરી જોશી શુક્લા હેલ્થ અવેરનેસ પર વાત કરશે. મહિલાઓને ફાયનાન્સ અને ઈન્વેસ્ટમેન્ટ વિશે ઈડીઆઈઆઈનાં કવિતા સક્સેના અને આંત્રપ્રિન્યોર રુશિન ભટ્ટ દ્વારા ટીપ્સ આપવામાં આવશે. તા. 7મીએ ફેશન શો અને તા. 8મીએ રાજસ્થાનના કલાકારોનો કોન્સર્ટ યોજાશે. આ કાર્યક્રમ સિંધુ ભવન સ્થિત મોન્ટેક્રિસ્ટોમાં રાખવામાં આવ્યા છે.